# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




**સરકારી શાળાના આચાર્ય અને શિક્ષકે બાળકોને રૂમમાં પૂરી ઢોર માર માર્યાનો આક્ષેપ**

# સુરેલીની શાળામાં વાલીઓનો હોબાળો શિક્ષકો સામે કડક પગલાં ભરવા માગ

**વાલીઓના ટોળા** શાળાએ ઉમટ્યા, મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.16

ઉમરેઠ તાલુકાના સુરેલી ગામની સરકારી પ્રાથમિક શાળામાં આજે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી. શાળાના આચાર્ય અને એક શિક્ષક દ્વારા નિર્દોષ બાળકોને રૂમમાં પૂરીને ક્રૂરતાપૂર્વક માર મારવામાં આવતો હોવાના ગંભીર આક્ષેપો સાથે ઈન્દિરા નગરીના વાલીઓએ શાળામાં સૂત્રોચ્ચાર કરી ભારે હોબાળો મચાવ્યો હતો. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

સુરેલી ગામની ઈન્દિરા નગરી વિસ્તારમાં વસતા મોટા ભાગના પરિવારો મજૂરીકામ કરીને પોતાનું ગુજરાન ચલાવે છે અને તેમના બાળકો અહીંની સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ અર્થે જાય છે. જોકે, છેલ્લા કેટલાક સમયથી અહીં અભ્યાસ કરતા બાળકો સાથે શાળાના સ્ટાફ દ્વારા અત્યંત ખરાબ વર્તન કરવામાં આવતું હોવાની ફરિયાદો ઉઠી હતી.



તસવીર: ધનંજય શુક્લ

આ અંગે રોષે ભરાયેલા વાલીઓનું એક મોટું ટોળું શાળા પર ધસી આવ્યું હતું અને આચાર્ય અલ્પેશભાઈ પટેલના કાર્યાલયમાં જઈને ઉગ્ર રજૂઆતો કરી હતી અને વાલીઓએ ગંભીર આક્ષેપ કર્યો હતો કે, શિક્ષક વિરમભાઈ દેસાઈ અને આચાર્ય અલ્પેશભાઈ પટેલ દ્વારા લાંબા સમયથી બાળકોને કોઈ પણ કારણ વગર નિર્દયતાથી માર મારવામાં આવે છે. વાલીઓના જણાવ્યા અનુસાર, શિક્ષકો દ્વારા બાળકો સાથે કરવામાં આવતું વર્તન તદ્દન અમાનવીય અને નિંદનીય છે.

આ શાળામાં ચાલી રહેલા આ વિવાદને પગલે વાલીઓએ એકસૂરે માંગ કરી છે કે, બાળકોના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા આવા શિક્ષકો સામે તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ. રોષે ભરાયેલા વાલીઓએ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, આવા શિક્ષકોને તાત્કાલિક અસરથી નોકરીમાંથી બરતરફ કરવામાં આવે તો જ બાળકો સુરક્ષિત રીતે અભ્યાસ કરી શકશે.

**નડિયાદમા મકાનમાં ભીષણ આગ લાગતા ઘરવખરી ખાખ**



નડિયાદના મિલ રોડ પર સરદાર ભવન સામેના ખાંચામાં આવેલા એક રહેણાંક મકાનમાં અચાનક આગ ભભૂકી ઉઠતા અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં મુલીબેન અને ગુલીબેન ધોબીના પરિવારનો તમામ સામાન અને ઘરવખરી બળીને રાખ થઈ ગયા છે. ઘટનાની જાણ થતા જ નડિયાદ ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો, જેના કારણે આસપાસના વિસ્તારમાં આગ પ્રસરતી અટકી હતી અને મોટી જાનહાનિ ટળી હતી. પ્રાથમિક અંદાજ મુજબ શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું મનાય છે.

**આણંદમાં એડ એજન્સીની બેદરકારી : મનપાએ સ્ટ્રક્ચર ઉતાર્યું**



આણંદના સરદાર પટેલ રાજપથ માર્ગ પર ક્રિષ્ના કોર્નર સામે એક ખાનગી પ્લોટમાં જાહેરાતનું સ્ટ્રક્ચર અતિશય ભયજનક હાલતમાં હતું. આ સ્ટ્રક્ચરને કારણે અકસ્માત થવાની પૂરેપૂરી સંભાવના હતી અને તે લોકો માટે મુસીબત બની શકે તેમ હતું. એડ એજન્સીની આ બેદરકારીને ધ્યાને લઈને મહાનગરપાલિકાએ કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે તેને તાત્કાલિક ધોરણે દૂર કર્યું છે. આગામી સમયમાં પણ મનપા આવા અન્ય ભયજનક સ્ટ્રક્ચર્સ સામે કાર્યવાહી કરવાની તૈયારીમાં છે. આ લાઇન્સ એડ એજન્સીની એ બેદરકારીને ઉજાગર કરે છે જેણે લોકોના જીવ જોખમમાં મૂક્યા હતા. આણંદમાં જે તે સમયે નગરપાલિકાના શાસકો અને એડ એજન્સીની મિલિભગતથી ઠેરઠેર ગેરકાયદે હોર્ડીંગ ખડકી દેવામાં આવ્યાં હતાં. હવે, મનપાના શાસનમાં કડક પગલાં ભરાતાં રાહત જન્મી છે.

## વઘાસી નજીક વાહનની ટક્કરે વૃદ્ધનું કરુણ મોત

**રોડ ક્રોસ કરી રહેલા** વૃદ્ધનું મોત થતાં આણંદ રૂરલ પોલીસે તપાસ તેજ કરી

(પ્રતિનિધિ) આણંદ તા.16

આણંદના વઘાસી નેશનલ હાઈવે નંબર 48 પર શિવરાત્રીના પર્વે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. હાઈવે પર રોડ ક્રોસ કરી રહેલા એક વૃદ્ધને પૂરપાટ ઝડપે આવતા અજાણ્યા વાહન ચાલકે અડફેટે લેતા તેમનું સારવાર દરમિયાન કરૂણ મોત નીપજ્યું છે. .

વઘાસીની કેશવનંદન સોસાયટીમાં રહેતા રીતેષભાઈ રાણાના પિતા નવનીતભાઈ રમણલાલ રાણા (ઉ.વ. 75) ગત તા. 15-02-2026ના રોજ સાંજે ઉમરેઠ ઓડ બજાર સ્થિત પોતાની નાસ્તાની દુકાનેથી ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન રાત્રિના પોણા આઠ વાગ્યાના સુમારે વઘાસી હાઈવે પર આઈસર ટ્રેક્ટર શો-રૂમની સામે રોડ ક્રોસ કરતી વખતે કોઈ અજાણ્યા વાહન ચાલકે બેદરકારીપૂર્વક તેમને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં નવનીતભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા તેઓ બેભાન થઈ ગયા હતા. ઘટના સ્થળે એકઠી થયેલી મેદનીએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરતા તેમને સારવાર અર્થે આણંદ જનરલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ટૂંકી સારવાર બાદ તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. શિવરાત્રીના દિવસે જ પરિવારના મોભીનું મૃત્યુ થતા રાણા પરિવાર શોકતુર બન્યો હતો. આ મામલે મૃતકના પુત્ર રીતેષ રાણાએ આણંદ રૂરલ પોલીસ મથકે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## આણંદ મનપા નવા વર્ષે પણ વેરાના દરમાં ફેરફાર નહીં કરે

**કરમસદ - આણંદ** મહાનગરપાલિકાએ લોક પ્રતિનિધિની રજૂઆત ગ્રાહ્ય રાખી

(પ્રતિનિધિ) આણંદ તા.16

કરમસદ - આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં રહેતા નગરજનોને વર્ષ 2026-27 માટે કોઈપણ પ્રકારનો વધારાનો વેરો ભરવાનો ન થાય અને વેરાનો દર યથાવત રાખવામાં આવે તેમ આણંદના ધારાસભ્ય દ્વારા કરમસદ - આણંદ મહાનગરપાલિકાના કમિશનર મિલિંદ બાપના સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી હતી.

આણંદના ધારાસભ્યની રજૂઆત ધ્યાને લઈ મહાનગરપાલિકાના કમિશનર દ્વારા હકારાત્મક નિર્ણય લઈને વર્ષ 2026- 27 માટે કોઈપણ પ્રકારનો વેરો વધારવામાં આવશે નહીં તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. આમ, કરમસદ આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં રહેતા રહીશોને આણંદના ધારાસભ્યશ્રીની રજૂઆતને પગલે કોઈપણ પ્રકારનો વધારાનો આર્થિક બોજો પડશે નહીં.





આણંદના ધારાસભ્યે જણાવ્યું કે, વ્યાજબી માંગણીને મહાનગરપાલિકાના કમિશનર દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવી છે તે મનપા વિસ્તારમાં રહેતા નગરજનો માટે આનંદના સમાચાર છે. આથી, મનપા વિસ્તારના નગરજનોને મનપાના કમિશનર અને આણંદના ધારાસભ્ય દ્વારા ગત વર્ષ સુધીનો બાકી વેરો ભરવાનો બાકી હોય તેમણે તાકીદે જમા કરાવવા પણ જણાવ્યું છે.

**લાકડી - ધારીયા સાથે 27 શખસ તૂટી પડ્યાં**

## કઠલાલમાં પરિવાર પર ટોળાનો ઘાતક હુમલો

**ગંગીયલ ગામમાં** મહિલા સહિત સાતને લોહીલુહાણ કર્યાં

(પ્રતિનિધિ) કઠલાલ તા.16

કઠલાલ તાલુકાના ગંગીયલ ગામમાં રવિવારની રાત્રે જૂની અદાવતનું ઝેર ઓકતા ગામના જ 27 જેટલા શખ્સોએ એકસંપ થઈ લાકડીઓ અને ધારીયા જેવા ઘાતક હથિયારો સાથે એક પરિવાર પર તૂટી પડ્યા હતા. આ હિંસક હુમલામાં ફરિયાદી સહિત પરિવારના સાત સભ્યોને ગંભીર ઈજાઓ પહોંચતા પંથકમાં ભારે સનસનાટી મચી ગઈ છે.

ગંગીયલ ગામમાં રહેતા અને ખેતીકામ કરતા જીતેન્દ્રકુમાર ડાભી રવિવારે રાત્રે પરિવાર સાથે જમી રહ્યા હતા, ત્યારે 27 લોકોનું ટોળું ગેરકાયદે મંડળી રચી ઘરમાં ધસી આવ્યું હતું. હુમલાખોરોએ કંઈ પણ સમજ્યા વિના હુમલો શરૂ કર્યો હતો, જેમાં દિલીપ પ્રતાપભાઈએ ભુપતસિંહના માથામાં ધારીયાનો ઘા ઝીંક્યો હતો, જ્યારે અન્ય શખ્સોએ લાકડીઓ વડે જીતેન્દ્રકુમાર, પૃથ્વિરાજ, જબ્બરસિંહ અને કલ્પેશને નિશાન બનાવ્યા હતા. હુમલાખોરોએ મહિલાઓને પણ છોડી નહોતી અને સવિતાબેન તથા ગીતાબેનને લાકડીઓ ફટકારી ઈજા પહોંચાડી હતી. બુમાબુમ થતા અને પોલીસની વાન આવતા હુમલાખોરો જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે નડિયાદ સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. કઠલાલ પોલીસે જીતેન્દ્રકુમારની ફરિયાદના આધારે 27 શખસ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

**સેવાલિયામાં પરિણીતાની હત્યા બાદ તેને અકસ્માતમાં ખપાવવાની કોશિષ**

## સેવાલિયામાં પ્રેમીએ જ પરિણીતાની હત્યા કરી હતી : રિકન્સ્ટ્રકશન કરાયું

**પોલીસને ગેરમાર્ગે** દોરવાનો પેતરો નિષ્ફળ; સીસીટીવીમાં ભેદ ઉકેલાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.16

સેવાલિયા હાઈવે પર સ્વામિનારાયણ મંદિર પાસેથી ગત 12મી ફેબ્રુઆરીના રોજ શંકાસ્પદ હાલતમાં મળી આવેલી પૂજા પટેલ નામની પરિણીતાની લાશના ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. પ્રથમ દ્રષ્ટિએ આ બનાવ કોઈ અજાણ્યા વાહનની ટક્કરે થયેલો અકસ્માત હોય તેવું ચિત્ર ઊભું કરવામાં આવ્યું હતું, પરંતુ પોલીસની ઝીણવટભરી તપાસમાં આ ઘટના અકસ્માત નહીં પણ ઠંડા કલેજે થયેલી હત્યા હોવાનું બહાર આવ્યું છે,. પોલીસે ગણતરીના દિવસોમાં જ આ કેસમાં સંડોવાયેલા પ્રેમી નિલેશ પરમારની ધરપકડ કરી છે.

સેવાલિયા પોલીસની તપાસમાં ખુલેલી વિગતો મુજબ, મૃતક પૂજા પટેલ અને આરોપી નિલેશ પરમાર વચ્ચે પ્રેમસંબંધ હતો. બનાવના દિવસે સેવાલિયામાં જલારામ મંદિર સામે આવેલી એક ખાનગી મિલકતમાં બંને વચ્ચે કોઈ અંગત બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. ઝઘડો વધતા નિલેશે આવેશમાં આવી પૂજાને જોરથી ધક્કો માર્યો હતો, જેના કારણે તેનું માથું પટકાતા ગંભીર ઈજાને લીધે મોત નીપજ્યું હતું. પકડાઈ જવાના ડરે નિલેશે પૂજાના મૃતદેહને પોતાની અલ્ટો કારમાં મૂકી હાઈવે પર અવાવરું જગ્યાએ ફેંકી દીધો હતો જેથી લોકો તેને અકસ્માત સમજે.

**કેવી રીતે ફૂટ્યો ભાંડો?**



આ ઘટના સ્થળની સ્થિતિ અને મૃતદેહ પરના ઈજાના નિશાન જોઈ પોલીસને શંકા ગઈ હતી. જિલ્લા પોલીસ વડાની સૂચનાથી ટેકનિકલ સર્વેલન્સ અને મૃતકના કોલ ડિટેલ્સ તપાસતા નિલેશ પરમારનું નામ સામે આવ્યું હતું. કડક પૂછપરછમાં નિલેશ ભાંગી પડ્યો હતો અને ગુનો કબૂલ્યો હતો. પોલીસે આરોપી સાથે રાખી ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવી હત્યા અને પુરાવાનો નાશ કરવા સબબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આણંદમાં ક્રિકેટ પર સટ્ટો રમાડતો શખ્સ ઝડપાયો

**એસઓજી પોલીસે** મોબાઈલ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.16

આણંદના વિદ્યાનગર વિસ્તારમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાઈ રહેલી હાઈ-વોલ્ટેજ ટી20 મેચ પર ઓનલાઈન સટ્ટો રમાડતા એક શખ્સને એસઓજી પોલીસે બાતમીના આધારે રંગેહાથ ઝડપી પાડ્યો છે. પોલીસને આ મામલે ગુપ્ત માહિતી મળી હતી કે હાર્ટ કિલર ગરબા ગ્રાઉન્ડ પાસે ક્રિકેટ સટ્ટાખોરી ચાલી રહી છે.

આણંદ શહેરના પેટ્રોલિંગ દરમિયાન એસઓજી પોલીસને સટોડિયાઓ સક્રિય હોવાની બાતમી મળી હતી. આ માહિતીના આધારે પોલીસે હાર્ટ કિલર ગરબા ગ્રાઉન્ડના ગેટ પાસે વોચ ગોઠવી હતી. ત્યાં રોડની સાઈડમાં



શંકાસ્પદ હાલતમાં મોબાઈલ સાથે ઉભેલા દિપક કેશવલાલ સાધવાણી (રહે. વિદ્યાનગર) નામની વ્યક્તિની અટકાયત કરવામાં આવી હતી.

સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપે જ્યારે પકડાયેલા ઈસમનો મોબાઈલ તપાસ્યો ત્યારે વેબ બ્રાઉઝરમાં 'ઝેડ સ્પોર્ટસ365' (Z Sport365) નામની વેબસાઈટ ખુલ્લી જોવા મળી હતી. આ વેબસાઈટ દ્વારા આરોપી ભારત-પાકિસ્તાન મેચ પર હાર-જીતનો સટ્ટો રમાડતો હોવાનું બહાર આવ્યું હતું. એસઓજી પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી, મોબાઈલ કબજે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખેડૂતોને 110 કરોડના ધિરાણ સાથે સ્થળ પર જ લોન મંજૂર કરાઇ

**સેન્ટ્રલ બેંકના મેગા** એગ્રીકલ્ચર કેમ્પમાં માત્ર 7 ટકાના વ્યાજદરથી કૃષિ લોનનો લાભ લેવા અપીલ

(પ્રતિનિધિ) આણંદ તા.16

આણંદના વલ્લભ વિદ્યાનગર ખાતે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત 'મેગા એગ્રીકલ્ચર ક્રેડિટ આઉટરીચ કેમ્પ'માં ખેડૂતોના સશક્તિકરણ માટે એક મહત્વનું પગલું ભરવામાં આવ્યું છે. આ કેમ્પમાં બેંકની કુલ 115 શાખાઓ દ્વારા 110 કરોડથી વધુનું ધિરાણ પૂરું પાડવામાં આવ્યું હતું, જેમાં ખેડૂતોની સુવિધા માટે સ્થળ પર જ લોન મંજૂરી પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

આણંદના વિઠ્ઠલ ઉદ્યોગ નગરના એલીકોન હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં બેંકના કાર્યપાલક નિર્દેશક ઈ. રતનકુમાર અને અન્ય ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં કૃષિ વિકાસના રોડ મેપ અંગે ચર્ચા કરવામાં આવી હતી. બેંક દ્વારા એવી જાહેરાત કરવામાં આવી છે કે આ ધિરાણ પ્રક્રિયાને વેગ આપી ફેબ્રુઆરી 2026ના અંત સુધીમાં 200 કરોડના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવામાં આવશે.



આણંદ અને ચરોતરના ખેડૂતો આધુનિક કૃષિ નાણાકીય વ્યવસ્થા અને ટેકનોલોજી અપગ્રેડેશનનો લાભ લે તે માટે જિલ્લા ખેતીવાડી અધિકારી ડૉ. ચિંતન પટેલ અને બેંકના અન્ય અધિકારીઓએ સંવાદ સાધ્યો હતો. બેંકના અધિકારીઓએ ખેડૂતોને સમયસર નાણાકીય સહાય ઉપલબ્ધ કરાવવાની અને સુલભ સેવાઓ પૂરી પાડવાની પોતાની કટિબદ્ધતા દોહરાવી હતી.

**ખેડૂતો માટે વિશેષ યોજનાઓ અને લાભ:**

આકર્ષક વ્યાજદર: સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા કૃષિ લોન પર માત્ર 7% થી શરૂ થતા આકર્ષક વ્યાજદરની સુવિધા આપવામાં આવી રહી છે.

વિવિધ યોજનાઓ: આ કેમ્પમાં ખાસ કરીને સેન્ટ પોલ્ટ્રી, સેન્ટ કોલ્ડ સ્ટોરેજ, સેન્ટ ફૂડ પ્રોસેસિંગ, સેન્ટ ફિશરીઝ, સેન્ટ CKCC, ATL ડેરી અને પીએમ-કુસુમ જેવી યોજનાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

સામાજિક સુરક્ષા: કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના (PMJJBY) હેઠળ વીમાધારકના પરિવારજનોને વીમા રકમના ચેકનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.


**ગુજરાતમિત્ર** તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**

મો. 99250 30225, મો. 99255 50225